# પ્રકરણ – ૧

# અમૃત 'ઘાયલ'નું જીવન અને સાહિત્યને ઘડનારાં પરિબળો

## ૧. જીવન–કવન :

ગુજરાતી ગઝલની આરપાર જીવી જનાર અમૃત 'ઘાયલ'નો રૂઆબ ગઝલના રાજવીનો છે. ગઝલમાં ખુમારીનો ઉછળતો મહાસાગર બળકટ અવાજનો ઘેઘૂર સૂસવાટો અને પાણીદાર શેરની રમઝટ તેમની આગવી અને અલાયદી ઓળખ છે.

અમૃત 'ઘાયલ'નો જન્મ ૧૯ ઑગસ્ટ ૧૯૧૬ના દિવસે રાજકોટ જિલ્લાનાં સરધાર ગામે થયો હતો. પિતાનું નામ લાલજીભાઈ ભટ્ટ અને માતાનું નામ સંતોકબહેન. એમણે પ્રાથમિક શાળાનું શિક્ષણ ધોરણ–૪ સુધી તથા અંગ્રેજીમાં ધોરણ–૨ સુધીનો અભ્યાસ સરધારમાં કર્યો. ત્યારબાદ તેઓ રાજકોટની કરણસિંહજી હાઈસ્કૂલમાં એક વર્ષ અંગ્રેજી ધોરણ–૪ અને આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં નોનમેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો. બાળપણથી જ વાંચનનો શોખ તેથી સરધારમાં ગામની લાયબ્રેરીમાં નારાયણ વિસનજી ઠક્કરની નવલકથા, કલાપીનો કેકારવ અને મેઘાણીનાં કાવ્યો વગેરે વાંચેલાં અને ત્યારે બાળમાનસને તે સમયે ભાવઊર્મિઓ જાગેલી અને કંઈક લખવાનો પ્રયત્ન કરેલ પણ તે અસફળ રહેલો.

રાજકોટમાં શિક્ષણ સાથે સાથે ક્રિકેટ, વૉલીબૉલ, કુસ્તી, મલખમ જેવી રમત તેમને ભારે રસ અને તેમાં તેઓ ખૂબ જ રસપૂર્વક ભાગ લેતા. જેમાં ક્રિકેટમાં તેઓએ સારી એવી સિદ્ધિ હાંસલ કરેલી અને સ્કૉલરશીપ પણ મેળવેલી હતી.

અભ્યાસ પૂર્ણ થયે વ્યવસાય અર્થે પાજોદ દરબારશ્રીને ત્યાં રહસ્યમંત્રી તરીકે નોકરીએ જોડાયા. શ્રી રુસ્વા મઝલૂમી સાહેબ સાથે તેમની ઘનિષ્ઠ મૈત્રી છેક મરતાં સુધી રહી. પાજોદસાહેબ તેમના વિશે કહે છે ''અમારા પરિવારના આદરણીય – આત્મજન

તો ખરા જ ઉપરાંત જેમણે પાજોદમાં રહીને મારા ઉત્તમ સાથી–સલાહકાર, સ્નેહીમિત્રનો ધર્મ બજાવ્યો તેમણે મારી પુત્રી ઈશરતજહાંને પુત્ર આયાઝખાનને એક ગાર્ડિયનની રૂએ જ્ઞાન–સમજદારી અને ઈન્સાનિયતના પાઠો ભણાવી આજે તેમને જીવનમાં જે ઉચ્ચપદ હાંસલ કરવામાં ઉપયોગિતા પ્રદાન કરી એનું નિર્વ્યાજ ઋણ હું મારા પત્ની ઈશરત અને આયાઝ શેં ભૂલી શકીએ ! જયારે હું તેમનો સાથી મિત્ર રહ્યો છું. આજે શ્રી 'ઘાયલ' ગઝલ–આકાશે નક્ષત્ર બની, પોતાની કૃતિઓના તેજથી ભલ–ભલાને આંજી નાખે છે. એટલું જ નહીં પણ ગુજરાતી ગઝલના ગાલિબ ગણાય છે, ત્યારે પણ તેમનો મારા પ્રત્યેનો પ્રેમઆદરને આત્મીયતાનો ભાવ હતો તેવો હેમખેમ રહ્યાં છે. મારી ગેરહાજરીમાં પણ તેઓ મારા વિશે જે લાગણીસભર વાતો કરીને મારા ગુણગાન ગાય છે તે તેમની અભિવ્યક્તિનો સબળ પુરાવો છે.''[૧] આમ, 'ઘાયલ' વિશે પોતાના અંગત વિચારો અને ઘાયલના વ્યક્તિત્વનો પરિચય આપણને રુસ્વા સાહેબ આપે છે. રમત–ગમત ક્ષેત્રમાં સારું નામ હોવાથી અવારનવાર રાજવીઓને ત્યાં જવા–આવવાનું હતું. તે સબબ શ્રી કલાપીના પૌત્ર પ્રહલાદસિંહ– 'રાજહંસ'ના આમંત્રણથી ઈ.સ.૧૯૩૮ના અરસામાં તેઓ લાઠી ગયા. ત્યાં કલાપીની સમાધિનાં દર્શન કર્યાં અને મોંઘીબા (શોભના)ને મળ્યા, ત્યારબાદ તે સમયે અંતરમનમાં એક ઊંડી લાગણી થઈ. 'મને મનમાં ચૂંથાય છે.' એવું મનમાં ભંડારી અને ગઝલ લખવાની ગાંઠવાળી અને કંઈક લખ્યું પણ ખરું. બાદ પરત ફર્યાને ગઝલ લખવાની ધૂન મનમાં સવાર થઈ.

ગઝલ વિભાવના સમજવા તેના સારા જાણકારની શોધ શરૂ કરી. લખાતી ગઝલમાં 'હુસ્ન' અને 'ઈશ્ક' ને બદલે પોતાની સોરઠી વાણીમાં જ ગઝલનું બિંબ ઢળવું એવું નક્કી કર્યું. ગઝલના છંદ વિશે અવારનવાર પાજોદમાં આવતા ગઝલકારો પાસે ચર્ચા વિચારણા કરી. રાંદેરના 'કારવા'ના તંત્રી પાસેથી 'શાયરી ભાગ–૧ અને ૨' મેળવી અને તેનું અધ્યયન અને મનન કર્યું. ધીમે ધીમે ગઝલને જ સર્વસ્વ ગણી અને પાજોદમાં ગઝલ મગ્ન થયો. આ ધૂની માણસ અચાનક ગઝલ તરફ પ્રયાણ કરે તે વિશે કવિશ્રી મકરંદ દવે

કહે છે "ગુજરાતીમાં ગઝલની આવી લાલી પીવરાવવા માટે કુદરતે જ તેમને તૈયાર કર્યા લાગે છે. નહીં તો ગામડાનાં ખૂંદતાં ને ડુંગર ચડતા દુહા લલકારનાર જુવાનને તે પાજોદ દરબારશ્રીની 'બઝ્મે શાયરી'માં ન મૂકી દેત. અહીં ઉર્દૂના અભ્યાસની તેમને તક મળી. પાજોદ દરબારશ્રીના મહેમાન થતાં જોશ મહીલાબાદી કે જિગત મુરાદાબાદી જેવા ઉર્દૂના નામી શાયરોની જીવતી જાગતી કિતાબો ઉકેલી અને ગુજરાતીમાં ગઝલની એવી માંડણી કરવા લાગ્યા કે એકવાર ખુદ 'જોશ' તેમના શેરને ઉતારી લેવાની લાલચ રોકી શક્યા નહીં."[૨]

પિતાશ્રી લાલજીભાઈ ભટ્ટ લાલાભાઈ મહારાજને ત્યાં રસોયા હતા. તેઓ ખંતીલા અને રૂઆબદાર વ્યક્તિ તેની ઊંડી છાપ ઘાયલસાહેબના મન પર પડી હતી. માતા સંતોકબા તેમના વડવાઓની વાતો કરી સતત ગઝલસર્જન કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડતા અને તેમના આશીર્વાદથી તેઓ સફળ પણ થયા. તેમનું પ્રથમ લગ્ન તારામતી સાથે થયું અને બાદ બીજું લગ્ન ઈ.સ.૧૯૫૦માં ભાનુમતી સાથે થયું. તેમને કુલ બાર સંતાનો થયાં. દેશી રાજાઓનું વિલીનીકરણ થતાં તેમને પાજોદ છોડવું પડ્યું. બાદ પબ્લિક સર્વિસ ડિપાર્ટમેન્ટ (રાજકોટ)ના મકાન અને માર્ગ વિભાગના વર્કચાર્જડ મુકાદમ તરીકે જુનિયર કલાર્ક થયા અને સિનિયર કલાર્ક તરીકે ફરજ બજાવી બાદ તેમાં જ આગળ હિસાબનીશ તરીકે બઢતી મેળવી. હિસાબનીશ તરીકે તેઓની બદલી નખત્રાણા, રાજકોટ, આદિપુર, ભૂજ એમ થતી રહી અને ઈ.સ.૧૯૭૩માં નિવૃત્તિ બાદ રાજકોટમાં જ સ્થાયી થયા. તેઓએ ઈ.સ.૧૯૭૮માં રશિયાનો પ્રવાસ પણ ખેડ્યો.

આ દરમ્યાન ગઝલસર્જન યાત્રા તેમની અવિરત ચાલતી રહી અને એક પછી એક ગઝલસંગ્રહો ગુજરાતી ભાષાને અર્પણ કર્યા. જેમાં પ્રથમ 'શૂળ અને શમણાં' ૧૯૫૪માં પ્રગટ થયો બાદ ૧૯૬૦માં 'રંગ' અને ૧૯૬૭માં 'રૂપ' નામે ગઝલસંગ્રહો મળે છે. ૧૯૮૨માં એમણે 'ઝાંય' અને 'અગ્નિ' એવા બે સંગ્રહો ઉમેરી આગળના ત્રણ સંગ્રહોનું પુનર્મુદ્રણ કરી પાંચ સંગ્રહોનો સંપુટ પ્રગટ કર્યો. ૧૯૮૪માં 'ગઝલ નામ સુખ',

૧૯૯૨માં 'આશ્ચર્ય વચ્ચે' અને ઈ.સ.૧૯૯૪માં પ્રગટ થયેલા 'ઘાયલ'ની સમગ્ર ગઝલ 'આઠો જામ ખુમારી' પ્રગટ થાય છે. જેમાં 'પશ્ચાત'નો પણ સમાવેશ કરવામાં આવે છે. આમ સતત છ દાયકાઓ સુધી અવિરત ગઝલલેખન કરતા શાયર પાસેથી આઠેક જેવા ગઝલ સંગ્રહો મળે છે. જેમાં નઝમ, મુક્તક, છૂટા શેઅર, ઉર્દૂ ગઝલ વગેરેનો પણ સમાવેશ થાય છે.

મુશાયરા પ્રવૃત્તિમાં 'ઘાયલ' એક ટોચની વ્યક્તિ હતા. તેમની રજૂઆત એક ઉછળતાં મોજા જેવી રમ્ય હતી. સુરેશ દલાલ તેથી જ ખરું લખ્યું છે કે "છપાતી ગઝલ વાંચવી એ એક શિષ્ટ અનુભવ છે. પણ મુશાયરાનાં માહોલમાં રજૂઆતના રાજવી 'ઘાયલ'ને સાંભળવા એક વિશિષ્ટ અનુભવ છે." તેમનું પડછંદ વ્યક્તિ અને આગવી શૈલી વિશે કૈલાશ પંડિત લખે છે કે "ઠસ્સાદાર રજૂઆતના બેતાજ બાદશાહ ઘાયલસાહેબને મુશાયરામાં સાંભળવા એ એક લહાવો છે. તેમનો ભાવસભર ઘૂંટાયેલો તથા સપ્રમાણ આરોહ–અવરોહભર્યો અવાજ તિર્યકથી છે. ભૂરકી નાખે છે શ્રોતાઓ પર." [૩]ઘાયલની લોકપ્રિયતા શરૂઆતથી અંત સુધી એવીને એવી રહી છે. જેનાં અનેક પ્રમાણ મળી રહે છે. તેમણે પોતે પણ પોતાના અનેક શેરમાં રજૂઆત અંગે વાત કરી છે.

'ઘાયલ'ની ગઝલ ખુમારીથી લથબથ છે. તેમ તેમના જીવનના પ્રસંગો પણ ખુમારીયુક્ત છે. તેઓ એક અદના અને મસ્તમોજી માણસ હતા. એક પાર્ટીમાં ડીએસપી જોડે તેઓને રકજક થતાં તેમની પોતાની આગવી મુદ્રાથી વળતો જવાબો આપેલો અને પોતાનાથી બીન સાહિત્યિક વ્યક્તિને મહત્ત્વ અપાય તે તેમને જરાય ન ગમતું, તો તેની સામે તેના પુરોગામી 'શૂન્ય' અને 'મરીઝ'ની પહેલાં તેમને 'ગઝલરત્ન' નું બિરૂદ આપવામાં આવેલ તે છોગું કયારેય તેમને કયાંય ખપમાં ન લીધું અને તેણે જેવું લખ્યું તેવું જીવી પણ જાણ્યું.

સૌરાષ્ટ્ર રાજયના મુખ્યમંત્રી ઉછંગરાય ઢેબર હતા ત્યારે ધારાસભ્યોની ઉપસ્થિતિમાં કાવ્યપાઠનું આયોજન કરવાનું કહેવામાં આવ્યું તે બાબતે પ્રથમ

ઘાયલસાહેબના અનુમતિ ન લેવામાં આવી. તે માટે તેમને એક ઉચ્ચ અધિકારી કહેવા જતાં તેમની સંમતિ લીધેલ ન હોવાથી ના કહી દીધી. પેલા અધિકારી એ કહ્યું 'તમે સરકારી નોકર છો. એનો વિચાર કરો. હું મુખ્યમંત્રીનું નિમંત્રણ લઈને આવ્યો છું' ત્યારે ઘાયલ સાહેબે ઉકળીને જવાબ આપ્યો કે 'અમૃતલાલ લાલજીભાઈ ભટ્ટ સરકારી નોકર છે. 'ઘાયલ' નહીં અને છેવટે ઘાયલ ન ગયા અને આ પ્રસંગે 'શૂળ અને શમણાં' ગઝલસંગ્રહના વિવેચન વખતે ઢેબરભાઈએ ગૌરવ સાથે વાત વ્યક્ત પણ કરી.

વધુ એક પ્રસંગ ટાંકવો આવશ્યક લાગે છે. જવાહરલાલ નહેરુ વડાપ્રધાન હતા ત્યારે રાજકોટ આવેલા. ત્યારે ઘાયલસાહેબ તેમની માદરીજબાન ગુજરાતીમાં કાવ્યપાઠ કર્યો અને પોતાના સમાજની વ્યથા રજૂ કરી. આ તમામ પ્રસંગો 'ગોપીવશ ભગવાન' અને ઘણી મુલાકાતોમાં તેમણે કહ્યા છે તેમજ જગજાહેર છે આ પ્રસંગોમાં તેમની ખુમારી. સ્વમાન, આખાબોલાપણું, સત્યવક્તાપણું વગેરે પ્રગટ થાય છે.

ગુજરાતી ગઝલને પોતાની અલાયદી અદાથી શણગારનાર શાયરને ગુજરાતી સમાજે અવારનવાર પોંખ્યો છે તેમના પ્રાપ્ત થયેલા કેટલાક ગણનાપાત્ર એવૉર્ડ વિશે વાત કરીએ તો રણજિતરામ સુવર્ણચંદ્રક, નરસિંહ મહેતા પારિતોષિક, કલાપી એવૉર્ડ જેવા સન્માનીય સન્માનો તેમને મળ્યા છે એ ઉપરાંત અનેક સંસ્થાઓ, બેંકો, ટ્રસ્ટો દ્વારા તેમની પ્રતિભાને પોંખવામાં આવી છે. છેક છેવાડાનો માણસ પણ ઘાયલને ચાહતો હતો. તેમને મળેલી દાદ તેમનો રોમ રોમમાં છે. તેમના જેટલો પ્રેમ જીવતેજીવ કોઈ બીજા શાયરને નહીં મળ્યો હોય. આમ આ ગિરનારી ગઢ સમા સર્જકને ઈ.સ.૧૯૮૪માં ક્ષયનો જીવલેણ રોગ થાય છે. બાદ તેમની તબિયત અવારનવાર બગડતી રહી. કુટુંબ તથા ડૉકટરોએ અવારનવાર આરામ કરવાનું કહેવા છતાં તેઓ ગઝલમાં ગળાડૂબ રહ્યા. છેવટે તા.૨૫/૧૨/૨૦૦૨ના રોજ આ શાયરે સૌને અલવિદા કીધી. છેલ્લે વિનોદ જોષીના શબ્દોથી આ સમગ્ર વાતને વિરામ. ''મુશાયરાઓમાં પ્રાપ્ત થતી લોકપ્રિયતા ગઝલકારને ઊંચી કવિતા સિદ્ધ કરવાની દિશાએ જવામાં જોખમ ઊભું કરી શકે. પણ 'ઘાયલ' આ

જોખમને મુશાયરાઓમાં લોકપ્રિય રહીને પણ ઓળંગી ગયા છે તેવું એમની ગઝલોમાંથી પમાય છે. લોકપ્રિય રહીને પણ ઉત્તમ કવિ થઈ શકાય છે તે 'ઘાયલે' સિદ્ધ કરી બતાવ્યું છે.''[૫]

'ઘાયલ' સાહેબનો જીવન મર્મ પણ તેમની ગઝલની જેમ એક અલાયદી જણસ છે. આ ઉપક્રમે તેમણે ગઝલશાસ્ત્રને ઉપયોગી થાય એવું એક પુસ્તક 'ગઝલઃ કલા અને કસબ'ને કેમ ભૂલી શકાય. દરેક ગઝલ અભ્યાસીએ એકવાર આ પુસ્તકનું અધ્યયન કરવું ખૂબ જ જરૂરી છે. જેમાં મૂળ ઉર્દૂ ફારસી ગઝલસ્વરૂપની ચોક્કસ વિભાવનાઓ સ્પષ્ટ કરી છે. ગઝલના બાહ્યસ્વરૂપ અને અંતરંગ સ્વરૂપની ખૂબ જ ઝીણવટપૂર્વક આલોચના જોવા મળે છે.

જેમાં કુલ ૧૧ અધ્યાયમાં તેમણે ગઝલનું અલંકારશાસ્ત્ર, ગઝલના ગુણદોષ, ગઝલનું છંદશાસ્ત્ર, કાફિયાશાસ્ત્ર, રદીફ, મક્તા, મત્લાની સમજ, તેમજ વિવિધ ઉર્દૂ સાહિત્ય સ્વરૂપો જે ગઝલની નજીક છે તેમની પણ તેમણે ઉર્દૂ શબ્દોના અર્થો સાથે વિશદ્ ચર્ચા કરી છે. ગુજરાતી ગઝલને આજીવન પ્રેમ કરનાર આ ગઝલકારે પોતાની સમગ્ર સમજણ 'ગઝલ : કલા અને કસબ'માં મૂકી આપી છે.

## ❖ પાદટીપ ❖

૧. રુસ્વા મઝલુમી, 'આવી પહોંચી, સવારી ઘાયલની', પૃ.૯

૨. અમૃત ઘાયલ, 'આઠો જામ ખુમારી', પૃ.૮૩

૩. એજન, પૃ.૯૩૬

૪. એજન, પૃ.૯૫૯

૫. કવિ વિનોદ જોશી, 'અમૃત ઘાયલ', પૃ.૧૦